# મે. સુરતના જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ (પ્રથમ કોર્ટ) સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નંબર ૫૮૬૩૮ સને ૨૦૨૧**
**આંક –**

**ફરીયાદીઃ – શ્રી સરકાર**
**વિરુદધ**
**આરોપીઃ – દીગંબર વિઠ્ઠલ કાલે**

**ગુનોઃ – ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબ**

## // ચુકાદો //

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનું વાહન જાહેર રોડ પર જાહેર સ્થળે ટ્રાફીકને અડચણ થાય તથા રાહદારીને અડચણ થાય તે રીતે ભય જનક સ્થિતીમાં મુકી રાખી તેમજ કોઇ મોટો અકસ્માત થાય તે રીતે પાર્ક કરી તમો આરોપીએ ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

## // હુકમ //

1. આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ. ૨૦૦/– (અંકે રુપીયા બસ્સો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલનો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૧૨/૦૩/૨૦૨૨**
**સુરત.**

**(એ.એમ.મેહતા)**
**જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**(પ્રથમ કોર્ટ), સુરત**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૨૧**